# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૫ તા.૨૮-૦૭-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની ત્રીજી વર્ષગાંઠના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવા બાબત.
સંદર્ભ :- પત્રક્રમાંક : સમગ્ર શિક્ષા / કયુઈસેલ/ ૧ / ૨૦૨૩ / ૩૬૩૮૪-૪૫૫ તા. ૨૮-૦૭-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર શિક્ષણ મંત્રાલય દ્વારા 'નેશનલ એજયુકેશન પોલીસી-૨૦૨૦'ની ૩જી વર્ષગાંઠ નિમિત્તે તા.૨૯-૦૭-૨૦૨૩ થી તા.૩૦-૦૭-૨૦૨૩ દરમ્યાન નવી દિલ્હી ખાતે યોજાનાર કાર્યક્રમનું લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવશે. આ કાર્યક્રમનો પ્રારંભ તા.૨૯-૦૭-૨૦૨૩, શનિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે માન.વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવનાર છે. જેથી તમામ મ્યુનિ. શાળાઓ ચાલુ રાખવાની રહેશે. શાળાના તમામ વિદ્યાર્થીઓ,શિક્ષકો,એસ.એમ.સી.સભ્યો અને વાલીગણ સાથે સદર કાર્યક્રમનું જીવંત પ્રસારણ નીચે દર્શાવેલ લિંક પરથી નિહાળવા જણાવવામાં આવે છે.કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ,શિક્ષકો,એસ.એમ.સી.સભ્યો તથા વાલીગણની સંખ્યા સી.આર.સી.કો.ઓ.ને જણાવવાની રહેશે. કાર્યક્રમના ફોટોગ્રાફ ઝોન ઓફિસ મારફતે મુખ્ય ઓફિસ મોકલી આપવાના રહેશે.

કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવાની લિંક :- https://webcast.gov.in/moe

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૮-૦૭-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail - qecell@gmail.com

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2023/૩૬૩૮૪-૪૫૫ તા:૨૮/07/2023

પ્રતિ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને
જિલ્લા પ્રોજેક્ટ કૉ-ઓર્ડીનેટરશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
તમામ

**વિષય: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની ત્રીજી વર્ષગાંઠનાં કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવા બાબત**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ભારત સરકાર શિક્ષા મંત્રાલય દ્વારા "નેશનલ એજ્યુકેશન પોલીસી-2020"ની 3જી વર્ષગાંઠ નિમિત્તે તારીખ : 29/07/2023 થી 30/07/2023 દરમિયાન નવી દિલ્હી ખાતેથી યોજાનાર કાર્યક્રમનું લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવશે. આ કાર્યક્રમનો પ્રારંભ તારીખ: 29/07/2023, શનિવારના રોજ સવારે 10:00 કલાકે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવનાર છે.

તા:29/07/2023, શનિવારના રોજ સવારે 10:00 કલાકે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવનાર કાર્યક્રમ આપના જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ/કોમ્યુનિટીના સભ્યો લાઇવ પ્રસારણ નિહાળે તે સુનિશ્ચિત કરશો.

તા:29/07/2023, શનિવારનાં રોજ સવારે 10:00 કલાકે આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવા માટે આપના જીલ્લાની તમામ શાળાઓ કાર્યરત રાખવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપશો.

કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવા માટેની લિંક : https://webcast.gov.in/moe

**કાર્યક્રમની તમામ માહિતી જિલ્લા કક્ષાએ નિભાવવાની રહેશે.**

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

(ડૉ. એમ.આઈ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**
માન. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ